**IMPORTANT NOTICE – TERMS & CONDITIONS OF SALE AND USE:** By opening and using these seeds, you agree to the following terms. If you do not accept, return the unopened package with proof of purchase for a full refund. This product is licensed for planting only in approved regions. The resulting crop may only be used for food, feed, or processing. **RISK OF NON-PERFORMANCE:** Seed performance may be affected by factors beyond Arino Seeds Private Limited (ARINO) control (e.g., weather, pests, diseases, soil, planting practices). The buyer assumes all such risks. **LIMITATION OF WARRANTIES & LIABILITY: ARINO** warrants only that the seed matches the label description within legal tolerances. No other warranties (express or implied) are given. ARINO is not liable for incidental or consequential damages. Remedies are limited to seed replacement or refund, at ARINO's discretion. Claims must be reported within 30 days of discovery or before harvest, whichever is earlier, and submitted directly to ARINO. Terms may only be changed in writing by ARINO's authorized representative.

**PRODUCED BY: ARINO SEEDS PVT. LTD.,**
SURVEY NO-456/3,OPP.KISHAN CATTEL FEED,GUNDALA ROAD,GONDAL-360311,Gujarat. GST No.24AAHCA41662ZR Phone: +91-88588 81981.Website:https://www.arinoseeds.com/home

# ધાણા ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિની માર્ગદર્શિકા

### (૧) વાવણી સમય, બિયારણનો દર અને વાવણીનું અંતર :

| અ.નં. | વાવણી સમય | જાત | બિયારણનો દર | વાવણીનું અંતર |
|---|---|---|---|---|
| | સમયસર ની વાવણી | | | |
| ૧ | ૧. (૧ થી ૧૫ નવેમ્બર) | (૧) ધાણા – અરીનો-૪૪૪, અરીનો-૬૬૬ , ગુજરાત ૪<br>(૨) ધાણી –અરીનો-૯૯૯ | ૩ કિલો પ્રતિ વીઘા. | બે ચાસ વચ્ચે ૩૦ સે.મી. (૧૨ ઇંચ) અંતરે વાવણી કરવાથી બિયારણનો દર અને રોગનું પ્રમાણ ઘટાડી સકાય છે. |

**નોંધ : ધાણા ના સારા ઉગાવા માટે ઠંડુ અને સૂકુ હવામાન જરૂરી છે.મહતમ તાપમાન ૩૦ સે.ગ્રે. થી વધુ ન હોય ત્યારે જ વાવેતર કરવું.**

### (૨) બીજની માવજત :

| અ.નં. | બીજની માવજત | જથ્થો | આપવાનો સમય |
|---|---|---|---|
| | રાસાયણિક / જૈવિક નિયંત્રણ | | |
| ૧ | ફૂગજન્ય રોગ માટે મેટાલેક્ષિલ + થાયરમ ૩-૪ ગ્રામ પ્રતિ કિલો | ૧ કિલો | ૩ થી ૪ ગ્રામ/કિલો મુજબ પટ આપી બિયારણ ને આખી રાત સૂકવી ઉપયોગ કરવો. |
| | **નોંધ-વાવણી પહેલા બીજને ૮ કલાક પાણીમાં પલાળી કોરું કરી વાવેતર કરવાથી સારો અને જડપી ઉગાવો થાય છે.** | | |

### (3) સેન્દ્રિય / રાસાયણિક ખાતર નો જથ્થો અને આપવાનો સમય :

| અ.નં. | સેન્દ્રિય / રાસાયણિક ખાતર | જથ્થો (કિ.ગ્રા./વીઘા.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | છાણિયું ખાતર | ૧૦ ટન/હે | પ્રથમ ખેડ વખતે |
| ૨ | ડીએપી (ના:ફો:પો) | ૧૦ કિલો | (ના:ફો:પો) (૧૮:૪૬:૦૦) પાયામાં આપવું. |
| ૩ | યૂરીયા (ના:ફો:પો) | ૧૦ કિલો | (ના:ફો:પો) (૪૬:૦૦:૦૦) પાયામાં આપવું. |
| ૪ | પોટાશ (એમ.ઓ.પી.) | ૫ કિલો | મ્યૂરેટ ઓફ પોટાશ ૬૦% પાયામાં આપવું. |
| ૫ | સલ્ફર ફાડા | ૨ કિલો | સલ્ફર ફાડા ૯૦% પાયામાં આપવું. |
| ૬ | જીંક સલ્ફેટ | ૧ કિલો | જીંક ૨૧% + સલ્ફર ૧૦% જીંકની ઉણપવાળી જમીન માં દર વર્ષે પાયામાં આપવું. |
| ૭ | ફેરસ સલ્ફેટ | ૩ કિલો | ૧૯% ફેરસની ઉણપવાળી જમીન માં દર વર્ષે પાયામાં આપવું. |
| **નોંધ – ઉપરોક્ત ખાતર મીક્ષ કરીને પાયામાં વાવવું. પૂર્તિ ખાતર વાવણી પછી ૩૦ થી ૪૦ દિવસે ૧૦ કિલો યૂરીયા પ્રતિ વીઘા આપવું.** | | | |

**(૪) નીંદામણ :**

| અ.નં. | નીંદણનાશક દવાનું નામ | જથ્થો (કિ.ગ્રા./હે.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | પેન્ડીમિથાલીન | ૧ કિગ્રા સક્રિય તત્વ/હેક્ટર | હાથથી નીંદણ: વાવણીના 25-30 અને 45-50 દિવસ પછી બે વાર હાથથી નીંદણ કરો. **રાસાયણિક નીંદણ:** વાવણી પહેલાં પેન્ડિમેથાલિન 1 કિગ્રા સક્રિય તત્વ/હેક્ટરના દરે આપો, ઉપરાંત વાવણીના 50 દિવસ પછી એક વાર હાથથી નીંદણ કરો. |

**નોંધ: વાવણી ના ૨૫ દિવસ પછી હાથથી અથવા આંતરખેડ કરીને નીંદામણ દૂર કરવું.વધુ પડતી વાનસ્પતિક વૃદ્ધિ કે વિકાસમાં નબળા દેખાય તેવા વિજાતીય કે શંકાશીલ લાગતા તમામ છોડ ઉપાડી ખેતર માંથી દૂર કરવા.**

**(૫) પિયત :**

**કટોકટીની અવસ્થાઓ :**

| | | |
|---|---|---|
| ૧ | પ્રથમ | ઓરવાણ કરીને વાવ્યાં પછી તરત |
| ૨ | બીજુ | (૮-૧૦ દિવસે) |
| ૩ | ત્રીજુ (ડાળી ફૂટવા સમયે) | (૨૫-૩૦ દિવસે) |
| ૪ | ચોથુ (ફૂલ અવસ્થા) | (૪૦-૪૫ દિવસે) |
| ૫ | પાંચમુ (દાણા અવસ્થા) | (૫૫-૬૦ દિવસે) |
| ૬ | છઠ્ઠું (દાણા પરિપક્વ અવસ્થા) | (૭૦-૭૫ દિવસે) |

**નોંધ- ઉપરોક્ત પિયતની કટોકટીની અવસ્થાઓ પૈકી કોઇ પણ એક અવસ્થાએ પિયત ચૂકી જવાથી ઉત્પાદનમાં સાર્થક ઘટાડો થાય છે.આમ છતાં જમીનની પ્રત પ્રમાણે પિયત ઓછા વત્તા કરી સારું ઉત્પાદન લઇ સકાય છે.**

**(૬) પાક સંરક્ષણ :**

| રોગ/જીવાત નું નામ | નિયંત્રણ ના પગલાં |
|---|---|
| **રોગ / જીવાત** | |
| ૧- **મોલો-મશી** | થિયામેથોક્સમ 25% WG @ 0.25 ગ્રામ/લિટર, ઇમિડાક્લોપ્રિડ 17.8% SL @ 0.3 મિલી/લિટર, મિથાઇલ ડેમેટોન 25% EC @ 1 મિલી/લિટર, અથવા ડાયમેથોએટ 30% EC @ 1 મિલી/લિટરનો છંટકાવ કરીને નિયંત્રણ કરો. પરાગનયકોના રક્ષણ માટે ફૂલો આવવાની અવસ્થા દરમિયાન છંટકાવ ટાળો. |
| ૨- **પાઉડરી માઇલ્ડ્યુ** | રોગના પ્રથમ લક્ષણો દેખાયા ત્યારે, વેટેબલ સલ્ફર 80% WP @ 2 ગ્રામ/લિટર, હેક્સાકોનાઝોલ 5% EC @ 1 મિલી/લિટર, અથવા કાર્બેન્ડાઝિમ 0.1%નો છંટકાવ કરો. જો જરૂરી હોય તો 15 દિવસ પછી ફરીથી છંટકાવ કરો. |
| 3. **સુકારો** | વાવણી પહેલાં ટ્રાઇકોડર્મા વિરિડી @ 4 ગ્રામ/કિગ્રા બીજ સાથે બીજની માવજત કરો. |

**(૭) કાપણી અને સંગ્રહ :**

**લીલા પાંદડા માટે:** વાવણીના 30-40 દિવસ પછી જ્યારે છોડ લીલાછમ હોય ત્યારે કાપણી કરો. — **બીજ માટે:** જ્યારે 60-70% બીજ ભૂરા થઇ જાય ત્યારે કાપણી કરો. છોડ કાપો અને 4-7 દિવસ માટે છાયામાં સૂકવો. **થ્રેશિંગ:** સૂકા છોડને હળવેથી મળો. **સંગ્રહ:** બીજને 9% થી ઓછી ભેજ પર સૂકવો. ઠંડી, સૂકી જગ્યાએ હવાચુસ્ત પાત્રોમાં સંગ્રહ કરો.થ્રેસીંગ સમયે ધાણા ની અન્ય જાતનું મિશ્રણ ન થાય તેની ખાસ કાળજી રાખવી. બિયારણના જથ્થાને સાફસુફ કરીને ગ્રેડિંગ કરવું.બીજના જથ્થાને શણના નવા કોથળામાં ભરી જ્યાં જીવાતનો ઉપદ્રવ ન હોય તેવા ગોડાઉનમાં સંગ્રહ કરવો. સંગ્રહ વખતે બીજમાં ૯ ટકાથી વધુ ભેજ ન રહે તેની ખાસ કાળજી રાખવી.

ARINO SEEDS